R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-24 • ISSUE: 49 DATE: 05-12-15• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

## ગામડાઓમાં કોગ્રેસનો દબદબો રહ્યો,શહેરોમાં ભાજપનો ધ્વજ ફરકતો રહ્યો

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની થયેલ ચુંટણીમાં શહેરોમાં ભાજપનો ગઢ અકબંધ રહ્યો હતો.જ્યારે ગામડાઓમાંથી ભાજપને ભારે શિકસ્ત મળી હતી.કોગ્રેસે ગુજરાતમાં વર્ષો બાદ ગામડાઓમાં પોતાની જીત મેળવી હતી.પરિણામે મૃતપાય થયેલ કોગ્રેસમાં ઉત્સાહનો સંચાર થયો હતો.

વડાપ્રધાને કોગ્રેસ મુક્ત ભારતનું સુત્ર લોકસભાની ચુંટણીઓ વખતે વહેતુ કર્યું હતું. પરંતુ તે લોકસભાની ચુંટણીઓને બાદ કરતાં હવે તે સાર્થક જણાતું નથી.ગુજરાતમાં કોગ્રેસે ગ્રામીણ ક્ષેત્રે ભારે ઝળહળતી ફતેહ મેળવી છે.આ પરિણામો નો સીધો અર્થ એ નિકળે છે કે કોગ્રેસ પાસે મતનો પાયો વધુ મજબુત થયો છે.વિધાનસભાની ચુંટણી આ સમયે થઈ હોત તો ભાજપ માટે કપરા ચઢાણની સ્થિતિ સર્જાઈ હોત.

ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું હોય તેમ ગ્રામ્ય વિસ્તારોમાં ફરીથી મતદારોએ કોગ્રેસમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે.કોગ્રેસ પક્ષ જો પોતાની પકડ હજુ વધુ મજબુત કરશે તો ૨૦૧૭માં આવનારી વિધાનસભાની ચુંટણીઓમાં ભાજપ માટે કપરા ચઢાણો ચડવા પડશે. હાલના પરિણામો મુજબ કોગ્રેસે ગ્રામીણ ક્ષેત્રોમાં ૭૭ ટકા અને શહેરી વિસ્તારોમાં ૩૩ ટકા મત મેળવ્યા છે.આ ટકાવારી મુજબ કોગ્રેસનો વિજય ભાજપ કરતાં વધુ મજબુત છે.ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં કોગ્રેસ જીતી છે ત્યાં મોટા માર્જીનથી ચુંટણીઓ જીતી છે.જ્યારે ભાજપની જ્યાં જીત થઈ છે ત્યાં ઓછા મતોથી જીત થઈ છે.આ બાબત સુચવે છે કે પ્રજા ધીમે ધીમે ભાજપથી વિમુખ જઈ રહી છે.

પાટીદાર મતોનું વિભાજન કરાવવામાં ભાજપ સફળ રહ્યો છે કે તેમની કારી ફાવી છે એમ કહેવું સરળ રહેશે.પાટીદારોએ ભાજપને ગુજરાતમાંથી સાફ કરી દેવાનું જે એલાન કર્યું હતું તેમાં તેમને લગભગ અડધો અડધ સફળતા મળી છે. જો કે સરકારને પોતાને સફળતા મેળવવામાં ખાસ્સી એવી લડાઈ લડવી પડી છે.કોગ્રેસે પરિસ્થિતિને અનુકુળ જો મહેનત કરી હોત તો આનાથી વધારે સફળ બની શકી હોત. પરંતુ તેમના કાર્યકરોમાં હજુ પણ જોશનો સંચાર થઈ શક્યો નથી તેવું દેખાઈ આવે છે.જીતમાં કોગ્રેસને બગાસુ ખાતા પતાસું મળ્યું છે.

## કોલેજીયમ સિસ્ટમને મજબુત અને પારદર્શક બનાવવાની જરુર છેઃ પુર્વ જસ્ટીસ એ.એમ.અહેમદી

સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ એ.એમ.અહેમદીએ અમદાવાદ શહેરના એક સામાજીક કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહીને કરેલા સંબોધનમાં જણાવ્યું હતું કે આપણા વડાપ્રધાન મોદીની સરકારે અચ્છે દિન આવશે એવી વાત કરી હતી પરંતુ હું વ્યક્તિગત માનું છું કે અચ્છે દિન ન આવે તો કાંઈ નહી પરંતુ બુરે દિન ન આવે તે જોવુ રહ્યું.છેલ્લા કેટલાક દિવસોથી અસિષ્ણુતાના મુદ્દે નફરતનું વાતાવરણ ફેલાયું છે તે બાબતે તેમણે જણાવ્યું હતું કે દેશમાં આતંકવાદ,બોમ્બ બ્લાસ્ટ જેવી ઘટનાઓમાં મુસ્લીમ દાઢીવાળાઓને જેલમાં પુરી દેવાય છે. અને વર્ષો સુધી કેસ લડાય છે.આ પ્રકારની માનસિકતા દેશમાં પોલિટીકલ પાર્ટીઓથી માંડીને અન્ય લોકોમાં ફેલાઈ રહી છે.આ પ્રકારનું વાતાવરણ દેશમાંથી દુર થવું જોઈએ.

તેમણે વધુમાં કહ્યુ હતું કે આપણે દેશના નાગરિકો છીએ. આપણને પુરતો હક્ક મળવો જોઈએ. આ હક્ક આપણે દલિતોની જેમ નહીં પરંતુ નમ્રતાથી લઈશું અને જો નહીં મળે તો કોર્ટનો માર્ગ અપનાવીશું.હું સરકાર સમક્ષ અનેક રજુઆતો કરી ચુક્યો છું કે દેશમાં સમાન પંચ હોવું જોઈએ. તેમણે કોલેજીયમ સિસ્ટમને વધુ મજબુત બનાવવા અને પારદર્શક બનાવવાની જરુર વ્યક્ત કરી હતી.

## વિશ્વ સમુદાયે ભારત પાસેથી સહિષ્ણુતા અને સંવેદના શીખવી જોઇએ : રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી

ઈન્ડોલોજી અંગેના પ્રથમ આંતરરાષ્ટ્રીય સંમેલનનું ઉદ્‌ઘાટન કરતી વેળાએ રાષ્ટ્રપતિએ આપેલ પ્રવચનમાં તેમણે ફરી એક વાર દેશમાં સહિષ્ણુતા અંગેનો સંદેશ પાઠવ્યો હતો.સ્વામી વિવેકાનંદના વિચારોને દુનિયા સમક્ષ રાખતાં મુકરજીએ કહ્યું હતું કે દુનિયા હજુ ભારત પાસેથી ફક્ત સહિષ્ણુતાના જ નહીં પરંતુ સંવેદનાના પાઠ પણ શીખવાના છે.જેના માટે ભારત ઓળખાય છે.તેમણે કહ્યુ હતું કે દુનિયા હજુ અસહિષ્ણુતાના બદતર આઘાતમાંથી ઉગરવા માટે સંઘર્ષ કરી રહી છે.ત્યારે ભારતના વિવિધતામાં એકતા જેવા મુલ્યોને બળપ્રદાન કરવાનો અને સમગ્ર દુનિયામાં તેના પ્રચાર-પ્રસારનો સમય છે. આવા



સમયમાં પોતાને ઉચ્ચ મુલ્યો,લેખિત અને અલિખિત સંસ્કારો, કર્તવ્યો તેમજ જીવનશૈલીની યાદ અપાવવા સિવાય બીજો કોઈ માર્ગ ન હોઈ શકે, જે ભારતનો આત્મા છે.

## દેશમાં વધી રહેલ સાંપ્રદાયિક હિંસા,ભાગલાવદી પ્રવૃત્તિ ખતરનાક છે : પ્રશાંત ભુષણ

સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ પ્રશાંત ભુષણે અમદાવાદ શહેરના એક સામાજીક કાર્યક્રમમાં બોલતાં કહ્યુ હતું કે દેશમાં વધી રહેલ સાંપ્રદાયિક હિંસા અને ભાગલાવાદી પ્રવૃત્તિ ભારત જેવા બિનસાંપ્રદાયિક દેશ માટે ખતરનાક છે. ઘરવાપસી, લવજેહાદ,બીફ પોલીટીક્સ જેવા મુદ્દાને લઈને હિંદુ-મુસ્લીમ વચ્ચે નફરત ફેલાવાઈ રહી છે.માઓવાદ અંગે તેમણે કહ્યુ હતું કે હતાશા અને અસલામતીમાંથી લોકોમાં રોષ વધે છે.અને તેથી તેમને લાગે છે કે હવે હથિયાર ઉઠાવવા માત્ર વિકલ્પ છે.

## ટ્રેનમાં બાળકોની સીટ માટે આખી ટીકીટના દર ચુકવવા પડશે

રેલવેમાં બાળકોને પણ આખી ટીકીટનું ભાડુ ચુકવવું પડશે.રેલવે મંત્રાલયે પાંચથી ૧ ૨ વર્ષના બાળકોને અડધી ટીકીટે બર્થ આપવાનો જુનો નિયમ ખતમ કરી દીધો છે.જો બાળકો માટે સીટ જોઈતી હશે તો તો મુસાફરોએ આખી ટિકિટના નાંણા ચુકવવા પડશે.રેલવે વિભાગના આ નિર્ણયથી મધ્યમ વર્ગના લોકો પર તેની અસરો પડશે. આ નવો નિયમ ૧૦ એપ્રિલ, ૨૦૧૬થી લાગુ પડશે.આ બાબતે એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જો બાળકો માટે અલગથી સીટ જોઈતી હોય તો તેમને અડધી ટિકિટે મુસાફરી કરવા દેવામાં આવશે.આવા કિસ્સામાં બાળક સાથે જઈ રહેલી વ્યક્તિએ બાળકને પોતાની સીટ પર બેસાડવો પડશે.આમ કરવા પાછળ રેલવે પોતાની આવક વધારવામાં માંગે છે. પરંતુ મુસાફરોને સવલતો વધુ મળે તે માટે રેલવે પ્રયત્ન કરતું નથી.

## પોલીસતંત્રમાં હવે સોશ્યલ મિડીયા ટ્રેકિંગ ફોર્સની રચના જે દેશવિરોધી પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખશે

દેશમાં આઈએસઆઈના વધતા જતા પ્રભાવ અને પાટીદાર આંદોલન સોશ્યલ મીડીયા ઉપર ચાલતું હતું તેના કારણે દેશવિરોધી પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે પોલીસે કુલ છ સભ્યોની સોશ્યલ મીડીયા ટ્રેકીગ ફોર્સની રચના કરી છે.આ કમિટિમાં રાજ્યના ડીજીપી કાયદો વ્યવસ્થાના આઈજી મનોજ અગ્રવાલના વડપણ હેઠળ ત્રણ એસપી અને બે ડીવાયએસપી કક્ષાના અધિકારી મળીને કુલ છ સભ્યોની કમિટી બની છે. જે દર મહિને મળશે અને ડીજીપીને રીપોર્ટ આપશે.

આઈએસઆઈએસની સોશ્યલ મીડીયા પર વધેલી હરકતને પગલે વોચ રાખી શકાય તે માટે આ ટ્રેકીગ ફોર્સની રચના કરાઈ છે.જો કે તાજેતરમાં આઈએસઆઈએસનો ભય ચારે બાજુ ફેલાયેલો છે.પરંતુ પાટીદાર આંદોલનને રાજ્યભરમાં ફેલાવવા માટે સોશ્યલ મીડીયાએ અગત્યનો ભાગ ભજવ્યો હતો અને તેને નાથવું સરકાર માટે માથાના દુખાવા સમાન હતું. તેથી પાટીદાર આંદોલનને તોડી પાડવાના હેતુસર સરકારે અનેક પગલાંઓ લીધા હતા.જેમા રાજદ્રોહની કલમ ઉમેરીને તમામને જેલ ભેગા કરી દેવાયા હતા.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

લોકસભામાં એકલા હાથે બહુમતી મેળવી શકે એવી અસંભવ બાબતને મોદીએ સંભવિત કરી બતાવી ત્યારે સહુ કોઇ આશ્ચર્યચકિત હતા.આ બધાની પાછળ તેમનું કહેવાતું ગુજરાતનુ મોડલ હતું.લોકસભાની ચુંટણીમાં ગુજરાત મોડેલને કારણે દેશની પ્રજાએ મોદીનો રાષ્ટ્રીય સ્વીકાર કર્યો.તેમની શૈલીને દેશની પ્રજાએ માન્યતા આપી તેવુ અમેરિકન પ્રમુખશાહીમાં બને છે.એમ ભારતીય સંસદીય લોકશાહીમાં પ્રથમવાર બન્યું.તેથી આ ૨૦૧૪ની લોકસભાની ચુંટણી ઐતિહાસિક ચુંટણી બની.

પરંતુ તેમની વડાપ્રધાન તરીકેની ૧૮ મહિનાની કામગીરીમાં પ્રજાને જેવું જોઇતું હતું કે માન્યુ હતું તેવું કશું બન્યુ નહી. જે અચ્છે દિનની વાત કરી હતી તે સ્વપ્ન જ રહ્યું.પરિણામ એ આવ્યું કે દિલ્હી અને ત્યારબાદ બિહારમાં પ્રજાએ ન ધારેલો ચુકાદો આપી દીધો.પરિણામે ગુજરાત મોડલના ધજાગરા ઉડ્યા.આની શરુઆત તો ગુજરાતના પટેલોએ પોતાને પછાત કહેડાવ્યા અને અનામતની માંગણી કરી ત્યારથી થઇ.જો પાટીદાર પછાત છે તો વિકસિત કોણ છ?. અને તેછતાં પણ ગુજરાત વિકસિત છે તો વિકાસ કોનો થયો છે?

ફ્રેંચ વિદ્વાન કિસ્તોફ જાફર્લોત કહે છે કે મોદી સંસદમાં સૌથી ઓછો સમય બેસનારા અત્યાર સુધીના વડાપ્રધાન છે. બેસવું તો બોલવું નહીં. ગૃહમાં તેમને પોતાને ઉદ્દેશીને પ્રસ્નો કે મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવ્યા હોય તો પણ ખુલાસા કરીને મુદ્દો ઉપસ્થિત કરનાર સભ્યને સન્માન આપવું નહી.સંસદીય લોકતંત્રમાં સામુહિકતાવાળી કેબિનેટ સિસ્ટમની જગ્યાએ પ્રમુખની જેમ વર્તવું અને સાથી પ્રધાનોને શોભાના ગાંઠીયા બનાવી દેવા.માત્ર ત્રણ કે ચાર સિનિયર પ્રધાનોને જ સંસદનો સામનો કરે એ બાકીનાને બોલવા દેવા નહીં.કોઇ પ્રશ્ને રાષ્ટ્રીય સ્તરે ગમે તેટલો ઉહાપોહ થઇ રહ્યો હોય તો પણ બોલવું નહીં અને જો બોલવું તો બર્થડે વિશ કરવા જેવી કોઇ ફાલતું વાતે બોલવું.આ ઉપરાંત તેઓ સુરક્ષિત સ્થળે અને સુરક્ષિત વાતાવરણમાં જ બોલે છ જ્યાં કોઇ સામો પ્રશ્ન પુછી શકે નહી. ટ્વિટર, રેડિયો,સભાઓ,રેલીઓ આવા સુરક્ષિત માધ્યમો છે.અદાલતો,ચુંટણીપંચ,કોમ્પટ્રોલર એન્ડ ઓડીટર જનરલ(સીએનજી),માહિતી પંચ,માનવ અધિકાર પંચ જેવી બંધારણીય સંસ્થાઓની ઉપેક્ષા કરવી એ મોદીની રાજકીય શૈલીના અંગો છે.

આ શૈલી તેમની ગુજરાતમાં પણ હતી.જેને પ્રશંસકો,શસક્ત, કાર્યક્ષમ, કૃતનિશ્ચયી નેતાની નો નોનસેન્સ શૈલી તરીકે ઓળખાવતા હતા.બિહારની ચુંટણી ના પરિણામો બાદ તેની રાજકીય શૈલી બદલાઇ રહી છે.એ ઘમંડ,એ તિરસ્કાર અને ઉપેક્ષાની જગ્યાએ બધાને બાથમાં લેવાની નવી રાજકીય શૈલી જોવા મળી રહી છે. ભારત એ ગુજરાત નથી.ગુજરાત જેવી શૈલી અપનવવાથી દેશ ચાલી શકે તેમ નથી.તેમણે હવે નિર્ણય લેવા પડશે કે તેમણે દેશના વડા પ્રધાન બનવું છે કે પછી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયંસેવક.હવે નક્કી તેમણે કરવાનું છે.પરંતુ ગુજરાતમાં ૨૦૧૫માં જે ઘટનાઓ બની તેનાથી તેમણે જરુરથી વિચારવાનું છે.વળતા પાણી શરુ થઇ ગયા છે.પાણી માથા ઉપરથી વહી જાય તેમ થશે તો ફરીથી સત્તા ટકાવવી અઘરી બનશે.

હવે સરકારે જે પ્રજાને આપેલા વચનો તો પુરા થવાની વાત બાજુ પર છે પરંતુ ગરીબ અને મધ્યમવર્ગ જેમણે લોકસભાની ચુટણીમાં બહુમત આપ્યો તેને એક એવી હોશ હતી કે મોદીની સરકાર આવ્યા બાદ ગરીબ અને મધ્યમવર્ગની તકલીફો ઓછી થશે. જીવનજરુરીયાતની ચીજ વસ્તુઓના ભાવો કાબુમાં આવશે અને સોંઘી થશે.આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડના ભાવો જે રીતે નીચા આવ્યા તે સરકાર માટે ભાવોને કાબુમાં લેવા માટે અગત્યનું પરિબળ હતું પરંતુ સરકાર તેને એનકેશ કરવામાં સદંતર નિષ્ફળ ગઇ.આજના દિવસોમાં દાળ,ડુંગળી,લસણ,ચોખા વિગેરેના ભાવો આસમાને છે.શિયાળાની મોસમમાં સસ્તા શાકભાજી મળે તેવી ગણતરીઓ ઉંધી પડી રહી છે. ટામેટા વિગરેના ભાવોમાં પણ પ્રજાને રોવાનો વારો આવ્યો છે.

અનુ. પાન નં ૪ નું ચાલુ

સંશોધનો થયા છે તેમાંના મોટા ભાગના ગ્રંથોમાં એવું બતાવવામાં આવ્યું છે કે વેદકાળમાં ગૌમાંસભક્ષણ રોજની વાત હતી. મહામહોયાધ્યાય ભારત રત્ન પાંડુરંગ વામન કાણેના " ભારતીય ધર્મગ્રંથોકા ઇતિહાસ ", ડો.બી.આર.આંબેડકરના "અસ્પૃશ્યો : તેઓ કોણ હતા અને તેઓ અસ્પૃશ્ય કેમ બન્યા ? " માંનો લેખ " શું હિંદુઓ કદી ગૌમાંસ ખાતા નહોતા ? "(ડૉ.બાબા સાહેબ આંબેડર, લખાણો અને ભાષણો ગ્રંથ ૧૭,મહારાષ્ટ્ર સરકાર મુંબઇ -૧૯૯૦ પ્રથમ આવૃત્તિ ૧૯૪૮ પૃષ્ઠો ૩૨૩-૩૨૮) અને સાંપ્રત ઇતિહાસકાર ડી.એન.ઝા " પવિત્ર ગાય "અંગે દંતકથા/લોકવાક્યા. આ ગ્રંથોમાં ભારપુર્વક જણાવે છે કે વેદકાળમાં ગૌમાંસ ઘણુંજ પ્રિય ભોજન સામગ્રી ગણાતું હતું. સ્વામી વિવેકાનંદ આ જ મુદ્દા પર જરા જુદી રીતે ભાર મુકે છે.પાસાડીનામાંની શેકસપીયર કલબમાં આયોજીત એક ગોષ્ઠીને સંબોધન કરતાં (કેલીફોર્નિયા, યુએસએ ,ફેબ્રુઆરી ૨,૧૯૦૦) એમણે કહ્યું ' જો હું તમને એમ કહીશ કે પુરાણા વિધિવિધાનો પ્રમાણે એવું મનાતું કે જે ગૌમાંસ ભક્ષણ નથી કરતો તે સારો હિંદુ ન ગણાય, તો તે જાણીને તમને ઘોર આશ્ચર્ય થશે.કેટલાંક પ્રસંગોએ હિંદુએ બળદની બલિ ચડાવવી પડતી અને તેનું ભક્ષણ કરવું પડતું.' (વિવેકાનંદ: સ્વામી વિવેકાનંદનું સંપુર્ણ કૃતિત્વ, આશ્રમ,૧૯૯૭) એ જ રીતે હિંદુત્વના મુખ્ય વિચારક સાવરકરે (પણ)કહ્યું છે કે ગાય બાબત કોઇ પવિત્રતાની વાત નથી,એ એક ઉપયોગી પ્રાણી છે.

કૃષિપ્રધાન સમાજની શરૂઆત પછી જૈન ધર્મ અને બૌધ્ધ ધર્મનો અહીંસા અંગેનો ખ્યાલ જુદા જુદા સ્વરૂપોમાં વિકસ્યો અને પાછળથી એટલે કે ૮મી શતાબ્દી પછી બ્રાહ્મણવાદીઓએ ગાયને મુર્તિસ્થાને મુકી.ત્યારથી ગાયને પવિત્ર ગણવાનું શરુ થયું.અને ક્રમશ : મોટા ભાગના હિંદુઓ એને પવિત્ર ગણવા માંડ્યા. હિંદુઓની લાગણીને માન આપીને મોટા ભાગના મુસ્લીમ રાજાઓએ ગૌવધ પર પ્રતિબંધ મુક્યો. હુમાયુ માટે લખેલા પોતાના વસિયતનામાં બાબર લખે છે કે ' બેટા, આ દેશ નામે હિંદુસ્તાનના ધર્મો જુદા છે. આપણને આ રાજ્ય મળ્યું છે તેને અલ્લાહની મહેરબાની માન. આપણે આપણા હ્રદયમાંથી બધાજ ભેદભાવ દુર કરવા જોઇએ. ગૌવધ ન થાય તે જોજે જેથી આ પ્રદેશની પ્રજાના હ્રદને જીતી શકાય. '

રામ પુનીયાની ,મુંબઇની આઇઆઇટી ના ભુતપુર્વ પ્રોફેસર છે,

# વિશ્વ સમુદાયે ભારત પાસેથી સહિષ્ણુતા અને સંવેદના શીખવી જોઇએ : રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી



ઇન્ડોલોજી અંગેના પ્રથમ આંતરરાષ્ટ્રીય સંમેલનનું ઉદ્દઘાટન કરતી વેળાએ રાષ્ટ્રપતિએ આપેલ પ્રવચનમાં તેમણે ફરી એક વાર દેશમાં સહિષ્ણુતા અંગેનો સંદેશ પાઠવ્યો હતો.સ્વામી વિવેકાનંદના વિચારોને દુનિયા સમક્ષ રાખતાં મુકરજીએ કહ્યું હતું કે દુનિયા હજુ ભારત પાસેથી ફક્ત સહિષ્ણુતાના જ નહીં પરંતુ સંવેદનાના પાઠ પણ શીખવાના છે.જેના માટે ભારત ઓળખાય છે.તેમણે કહ્યુ હતું કે દુનિયા હજુ અસહિષ્ણુતાના બદતર આઘાતમાંથી ઉગરવા માટે સંઘર્ષ કરી રહી છે.ત્યારે ભારતના વિવિધતામાં એકતા જેવા મુલ્યોને બળપ્રદાન કરવાનો અને સમગ્ર દુનિયામાં તેના પ્રચાર-પ્રસારનો સમય છે. આવા સમયમાં પોતાને ઉચ્ચ મુલ્યો,લેખિત અને અલિખિત સંસ્કારો, કર્તવ્યો તેમજ જીવનશૈલીની યાદ અપાવવા સિવાય બીજો કોઇ માર્ગ ન હોઇ શકે, જે ભારતનો આત્મા છે.

# સામાજિક અસહિષ્ણુતાનો ભ્રમ ફેલાવી,પુરસ્કારો પરત કરવાનું રાજકીય કાવતરુ

આફતોને અવસરમાં પલટી નાંખવા સત્તાધારી પક્ષને હવે દેશમા વધતી જતી અસહિષ્ણુતા ભ્રમ દેખાઇ રહી છે.પુરસ્કારો પરત કરી રહેલા સાહિત્યકારો,કલાકારો ,વિજ્ઞાનીઓ વગેરે નરેન્દ્ર મોદી વિરુધ્ધ રાજકીય કાવતરુ કરી રહ્યા હોવાનું ભારતીય જનતા પક્ષના કેટલાક નેતાઓને દેખાઇ રહ્યુ છે.તેમનું માનવું છે કે ઘણા લોકો જે ભાજપને ક્યારેય સત્તામાં સ્વીકારી શકતા નથી તેના કારણે ૨૦૦૨થી મોદી વૈચારિક અસહિષ્ણુતાનો શિકાર બન્યા છે.નાણાંમંત્રી અરુણ જેટલીએ ફેસબુક પર કરેલ પોસ્ટમાં જણાવ્યું હતું કે મોદીના નેતૃત્વમાં સરકાર દેશના વિકારસને વેગ આપવાના પ્રયાસો કરી રહી છે ત્યારે દેશમાં ઘણા લોકોને તે સ્વીકાર્ય નથી.એક એવો પ્રચાર ચાલી રહ્યો છે કે ભારતમાં સામાજિક અસહિષ્ણુતા વ્યાપક બની છે તેનું સ્થાપિત કરવા પ્રયત્ન કરાઇ રહ્યો છે.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજજુએ જણાવ્યુ હતું કે લેખકો અને કલાકારો દ્વારા પરત કરાતાં પુરસ્કારો સરકારને બદનામ કરવાના રાજકીય કાવતરાથી વિશેષ કાંઇ નથી.ભુતકાળમાં દેશમાં બનતીં હિંસાની ઘટનાઓ સામે પ્રત્યાઘાત આપવાનું કોઇને સુઝ્યું નથી.હવે બધાને બધુ અજુગતુ લાગી રહ્યું છે.જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રીએ ધાર્મિક અસહિષ્ણુતાના મુદ્દે પુરસ્કારો પરત કરી રહેલા લેખકોને જણાવ્યુ હતું કે દેશની સ્થિતિ કહેવાય તેટલી ખરાબ નથી.જો લેખકોને લાગે છે તે દેશમાં અસહિષ્ણુતાનું વાતાવરણ સર્જવા માટે તેઓ જ સુચનો કરે. અમારી સરકાર ધર્મ અને જાતિના ભેદભાવ વિના કામ કરી રહી છે. જ્યારે સરકારની કોઇ બાબતે ટીકા કરાઇ છે ત્યારે વરસાદમાં બધાજ દેડકાં ડ્રાઉ ડ્રાઉ કરે તેવી રીતે ભાજપના બધા જ નેતાઓ પોતાના નિવેદનો ઠપકારી રહ્યા છે. પરંતુ કોઇને જડ સુધી જવાની તસ્દી લેવી નથી કે ભુલો સુધારવા કોઇપણ કવાયત કરવી નથી.અને જો કોઇ મુસ્લીમ ધર્મીએ અસહિષ્ણુતા બાબતે વાત કરી તો સંઘ સહિતની તમામ શાખાઓ તેને પાકિસ્તાન તગેડી મુકવાના નિવેદનો કરવા લાગ્યા છે.ખરેખર અસહિષ્ણુતા બાબતે જાગવાની જરુર છે.જો કે આ સરકારના નેતાઓ અને તેમની વિદેશ નીતિમાં ક્યારે ફેરફારો થાય તે નક્કી નથી હોતું.પાકિસ્તાન સાથે વાતચીત ના થાય તેમ છાતી ઠોકીને કહેનારા નેતાઓ આજકાલ પાકિસ્તાનના વડાપ્રધાનની મુલાકાતો કરી રહ્યા છે. આ કઇ જાતની નીતિ કહેવાય.એક બાજુ વિરુધ્ધની વાતો ચગાવવી અને પછી મંત્રણા કરવી


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૬૯૬ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ જ્હોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## દેશમાં સાંસદો અને ધારાસભ્યો બીફ કંપનીઓની માલિકી ધરાવે છે : પુર્વ ચીફ જસ્ટીસ રાજિન્દર સચ્ચર



દિલ્હી હાઇકોર્ટના પુર્વ ચીફ જસ્ટીસ અને ૨૦૦૬માં મુસ્લીમો માટે અનામતની ભલામણ કરનાર પંચના વડા જસ્ટીસ રાજિન્દર સચ્ચરે મથુરાની કોલેજમાં કટ્ટર ઇસ્લામ પર આયોજિત ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં જણાવ્યું હતું કે દેશમાં મુસ્લીમો કરતાં હિંદુઓ બીફના વેપાર સાથે વધુ સંકળાયેલા છે.જસ્ટીસ સચ્ચરના નિવેદનથી અધિવેશનમાં સોપો પડી ગયો હતો.જસ્ટીસ સચ્ચરે જણાવ્યુ હતું કે ભારતમાં બીફનો વેપાર કરનારા લોકોમાં ૯૫ ટકા લોકો હિંદુઓ છે. તેમ છતાં દાદરી ખાતે બીફ ખાધુ હોવાની અફવાના આધારે એક માનવીને રહેસીં નાંખવામાં આવ્યો હતો.આ માનવજાત અને માનવતાની હત્યા હતી. ખાવાની આદતો સાથે ધર્મો કોઇ લેવાદેવા નથી.હું પણ બીફ ખાઇ શકું છું. દેશમાં સાંસદો અને ધારાસભ્યો બીફ કંપનીની માલિકી ધરાવે છે.તો પછી શા માટેજમણેરી પાંખના સંગઠનો ફકત સામાન્ય માનવીને લક્ષ્યાંક બનાવે છે.આ પહેલા બીફના મામલે પુર્વ જસ્ટીસ કાત્જુ પણ પોતાનું નિવેદન આપી ચુક્યા છે.આમ બીફના મુદ્દે દેશભરમાંથી વિવિધ મતો પ્રવર્તી રહ્યા છે.

## કેન્દ્રીય માનવસંશાધન મંત્રી શૈક્ષણિક લાયકાત બાબતે કોર્ટે દસ્તાવેજો માંગ્યા

નવી દિલ્હીની એક ટ્રાયલ કોર્ટે ચુંટણીપંચ અને દિલ્હી યુનીવરસીટીને કેન્દ્રીય માનવ સંસાધન મંત્રી સ્મૃતિ ઇરાનીની શૈક્ષણિક લાયકાતના રેકોર્ડ રજુ કરવાનો આદેશ આપ્યો છે.સ્મૃતિ ઇરાની વિરુધ ચુંટણીના એફીડેવીટમાં પોતાની શૈક્ષણિક લાયકાત સબંધિત ખોટી માહીતી આપવાનો આરોપ છે.મેટ્રોપોલીટીન મેજીસ્ટ્રેટ આકાશ જૈને ચુંટણી પંચ અને દિલ્હી યુની.ને આ નિર્દેશ આપતાં પુર્વે અહમરખાનની એ અરજી પર સુનાવણી કરી હતી જેમાં તેમણે સ્મૃતિ ઇરાનીના શૈક્ષણિક લાયકાત સબંધિત દસ્તાવેજો માંગવાની ભલામણ કરી હતી. અહમર ખાનનો આરોપ છે કે ઇરાનીએ લોકસભા અને રાજયસભાની ચુંટણી માટે ભરેલા ઉમેદવારી ફોર્મમાં પોતાની શૈક્ષણિક લાયકાત અંગે અલગ અલગ માહિતી આપી હતી.

## બિહારમાં જાહેર કરાયેલ દારુબંધી બાદ મહારાષ્ટ્રમાં દારુબંધીની માંગ બુલંદ

બિહારમાં તાજેતરમાં જાહેર કરાયેલ દારુબંધી બાદ મહારાષ્ટ્રમાં પણ દારુબંધી હોવી જોઇએ તેવું ભાજપના ધારાસભ્યો દ્વારા મુખ્યમંત્રીને દબાણ કરવામાં આવ્યું હતું.ભાજપના ધારાસભ્યોની દારુબંધી અંગેની માંગણી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે હાલ પુરતી નકારી કાઢી હતી.જો કે મહેસુલ મંત્રી એકનાથ ખડસેએ આ વાતને અશક્ય હોવાનું જણાવ્યું હતું.

હાલમાં મહારાષ્ટ્રમાં વર્ધા,ગઢચિરોલી,તથા ચંદ્રપુર વિસ્તારમાં દારુબંધી છે.મહારાષ્ટ્રમાં સંપુર્ણ દારુબંધી મુકવી અશક્ય છે. કારણકે ભારતનું સૌથી મોટું આર્થિક શહેર અને મહારાષ્ટ્રની રાજધાની મુંબઇ છે.તેથી ત્યાં દારુબંધી દાખલ કરવાથી અનેક વિપરિત પરિણામો સરકારે ભોગવવાના આવે તેમ હોવાથી સરકારે હાલ પુરતી માંગણીને નકારી કાઢી છે.દારુબંધી લાદવાથી રાજ્યની આવક ઘટી જશે.અને રાજ્યની આવક સરભર કરવા માટે અન્ય કોઇ ઉપાયો હાલમાં નથી. તેથી દારુબંધી અશક્ય લાગે છે.ગુજરાતમાં દારુબંધી છે પરંતુ સરકાર તેને સંપુર્ણપણે લાગુ કરવામાં નિષ્ફળ રહી છે.વર્ષે દહાડે કરોડો રુપીયાનો વિદેશી દારુ અને દેશી દારુ પકડાય છે.

## ધર્મ બદલે તો જ ખ્રિસ્તી પુરુષ - હિંદુ મહિલાના લગ્ન માન્ય ગણાય : મદ્રાસ હાઇકોર્ટ

હિન્દુ મહિલા અને ખ્રિસ્તી પુરુષમાંથી કોઇ એક જણે ધર્મ બદલ્યા વગર લગ્ન કર્યા હોય તો તે કાયદેસર માન્ય ગણાય નહિ તેમ મદ્રાસ હાઇકોર્ટે જણાવ્યુ હતું.મહિલાના માતાપિતાએ ફાઇલ કરેલી હેબિયર્સ કોર્પસ પિટીશનને નકારી દેતાં જસ્ટિસ પી.આર. શિવકુમાર અને વીએસ રવિએ જણાવ્યું હતું કે જો આ દંપતિ હિન્દુ રીતરિવાજ મુજબ લગ્ન કરવા માંગતું હોય તો પુરુષે હિંદુ ધર્મ અપનાવવાનો રહેશે અથવા એવી જ રીતે જો ખ્રિસ્તી રીતરિવાજ મુજબ લગ્ન કરવા હોય તો મહિલાએ એ ધર્મ અપનાવવો પડશે.પરંતુ તેનો વિકલ્પ છે.જો તેઓ ધર્મ રુપાંતરણ કર્યા વગર લગ્ન કરવા માંગતા હોય તો તેઓએ સ્પેશીયલ મેરેજ એક્ટ ૧૯૫૪ હેઠળ નોંધણી કરાવવાની રહેશે.પીટીશન ફાઇલ કર્યા બાદ કોર્ટમાં રજુ કરવામાં આવેલી મહિલાએ જજોને કહ્યું હતું કે તેણે પલાની પાસે એક મંદિરમાં લગ્ન કર્યા હતા. સામે જજોએ પુછ્યુ કે જો પુરુષે તેનું ધર્મ પરિવર્તન ન કર્યું હોય તો હિન્દુ કાયદા મુજબ આ લગ્ન કેવી રીતે માન્ય ગણાશે ?

## દિલ્હી કોર્ટે ગૌહત્યા પર પ્રતિબંધની માંગ કરતી પીઆઇએલ ફગાવી દીધી

દિલ્હી હાઇકોર્ટે દિલ્હી રાજધાની ક્ષેત્રમાં ગૌહત્યા અટકાવવા અને ગૌમાંસ તથા તેની બનાવટોના વેચાણ પર પ્રતિબંધ માટે કાયદો ઘડી કાઢવાની માંગ કરતી જાહેર હિતની અરજી ફગાવી દીધી હતી.

હાઇકોર્ટે જણાવ્યુ હતું કે આ એક વિચારની ખોટી વ્યાખ્યા છે.અરજીના અનુસંધાનમાં દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારે અદાલતને માહિતી આપી હતી કે પશુધનના રક્ષણ માટે દિલ્હીમાં પહેલેથી પશુધન સંરક્ષણ કાયદો અમલમાં છે.પરંતુ રખડતા પશુધનને વ્યવસ્થિત રાખવા માટે તેના કોઇપણ હિતેચ્છુઓ તૈયાર નથી.માત્રને ગાયમાતાની વાતે સહુને ચરી ખાવાની વાત કરવી છે.

## નાણાં મંત્રી જેટલીએ અપનાવેલ વ્યુહ મુજબ કાળુ નાણું પાછુ આવી શકે નહીઃ સુબ્રમણ્યમ સ્વામી

ભારતીય જનતા પાર્ટીના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ અમદાવાદ ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે કાળુ નાણું દેશમાં પરત લાવવા માટે કેન્દ્રીય નાણાં મંત્રીએ અપનાવેલ વ્યુહ મુજબ કાળુ નાણું પાછું લાવી શકાશે નહીં.પરંતુ જો તેમણે સુચવેલા સુચનો પર ધ્યાન દેવાય તો જરુરથી કાળુ નાણું પાછુ લાવવામાં સરળતા રહેશે.નાણામંત્રીએ કાળા નાંણા બાબતે અખત્યાર કરેલ રસ્તો બરાબર નથી. તેમને સુચનો કરવામાં આવ્યા પરંતુ તેને સાંભળવા કે નહિ તે તેમની મનસુફીની બાબત છે.સ્વામીએ કાળા નાણાંના મુદ્દો જોર શોરથી ઉઠાવ્યો હતો.જો કે તેઓ હાલમાં વડાપ્રધાનની સરકારની ટીકાઓ કરી રહ્યા છે.આ ઉપરાંત તેઓ સોનિયા ગાંધી અને તેમના પરિવારની પણ ટીકાઓ કરી રહ્યા છે.

અમદાવાદ ખાતે સ્વામીનો કોંગી કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.સ્વામી વિરુધ્ધ સુત્રોચાર કરી રહેલા કોંગી કાર્યકરોની પોલીસે ધરપકડ પણ કરી હતી.

## મહારાષ્ટ્રના ભુતપુર્વ આઇ.જી એ કરકરેની હત્યામાં આઇબીનો વિરુધ્ધ પુરાવા મળ્યાની જાણકારી આપી

મહારાષ્ટ્રના એક ભુતપુર્વ પોલીસ અધિકારીએ દાવો કર્યો હતો કે હેમંત કરકરેની હત્યામાં ઇન્ટેલીજન્સ બ્યુરોનો હાથ છે. કારણ કે કરકરે હિંદુ કટ્ટરવાદી સંગઠનોની તપાસ કરી રહ્યા હતા.આઇબીનો હાથ કરકરેની હત્યામાં હોવાના પુરાવા પણ મળ્યા હતા.મુશરીફે કહ્યુ હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દેશનું નંબર વન આતંકવાદી સંગઠન છે.તેમણે દાવો કર્યો હતો કે આ સંગઠનના કાર્યકર્તાઓએ અત્યારસુધી થયેલા આતંકવાદી હુમલાઓના ૧૩ મામલાઓમાં આરોપી બનાવાયા છે. તેમણે કોલકત્તાના એક કાર્યક્રમમાં જણાવ્યુ હતું કે આરએસએસના કાર્યકર્તાઓ આતંકવાદીઓના લગભગ ૧૩ મામલે આરોપી બન્યા છે.જેમાં આરડીએક્સનો ઉપયોગ થયો છે.જો બજરંગ દળનો પણ સમાવેશ કરીએ તો ૧૭ મામલે આરએસએસ સંકળાયેલ છે.ભારતનું નંબર વન આતંકવાદી સંગઠન આરએસએસને સત્તામાં સામેલ પાર્ટીઓથી કોઇ લેવાદેવા નથી.આરએસએસ એક સિસ્ટમની જેમ કામ કરે છે. આ વ્યવસ્થા બ્રાહ્મણવાદ પર કાર્યરત છે.બ્રાહ્મણવાદ એટલે મારો ઇશારો બ્રાહ્મણો તરફ નથી.આ એક માનસિકતાને અસ્થિર કરવાનું વલણ છે.

જો કે આ પોલીસ અધિકારીએ કરેલા નિવેદનથી ભુતકાળમાં કરકરેની હત્યા થઇ છે તેવું કોંગ્રેસના દિગવિજયસિંહે છાતી ઠોકીને કહ્યું હતું પરંતુ તેમની વાત માનવા કોઇ તૈયાર નહોતું.જો કે હેમંત કરકરે જેવા બહાદુર પોલીસ ઓફીસરની હત્યાને આતંકવાદીઓ સાથે થયેલ ઘર્ષણમાં શહીદી બતાવી દેવામાં આવી હતી.આમ સત્ય પર પડદો પાડી દેવાયો હતો.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર **બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ઇસ્લામીક સંગઠનનો ત્રાસવાદી અબુ બકર અલ બગદાદી વિશ્વ શાંતિને હચમચાવે છે

વિશ્વના સૌથી ખુંખાર મનાતા આતંકવાદી ઓસામા બિન લાદેનને અમેરિકાએ ખાત્મો બોલાવ્યા બાદ માંડ ત્રણ વર્ષ પુરા થયા છે ત્યાં તેનાથી સવાયો સાબિત થાય તેવો નવો મહાખુંખાર ત્રાસવાદી અબુ-બકર-અલ-બગદાદી પોતાની જાતને ખલીફા ઘોષિત કરી સમગ્ર વિશ્વને લોહીના દરિયામાં ડુબાડવા માટે મેદાનમાં આવી ચુક્યો છે.

સમગ્ર ઇસ્લામિક વિશ્વના ધાર્મિક અને રાજકીય સર્વોપરી વડા તરીકે ખલીફાનું પદ ઇસ્લામના જન્મકાળથી જ દુનિયાભરના મુસ્લીમો સાથે ભાવનાત્મક રીતે સંકળાયેલુ છે. મંહમદ સાહેબના અવસાન બાદ ઇ.સ.૬૩૨માં પ્રથમ ખલીફા તરીકે તેમના સસરા અબુ બકરની પસંદગી થઇ ત્યારથી માંડી અનેક સદીઓન ચઢાવ-ઉતાર વચ્ચે ઇસ્લામના છેલ્લા ખલીફા તુર્કીના સુલતાન વહીદ-ઉદ્દીનને ૧૯૨૪માં ત્યાંના નવા શાસક મુસ્તુફા-કમાલ પાશાએ પદભ્રષ્ટ કરતાં ખલીફાપદનો અંત આવ્યો હતો. હવે લગભગ ૯૦ વર્ષ બાદ અલ-બગદાદી પોતાને ખલીફા ઘોષિત કરી કેવળ બિન ઇસ્લામિક વિશ્વ નહી પરંતુ શિયાપંથી મુસ્લીમો ઉપરાંત પશ્ચિમ એશિયાના મવાળ આરબ-મુસ્લીમ રાષ્ટ્રો સામેની ઇસ્લામીક જેહાદની ઘોષણા કરી રહ્યા છે.ઇરાક અને સીરીયાના ઇસ્લામિક રાષ્ટ્રની ઘોષણા કરીને અલ-બગદાદીના સૈન્યો ઇરાકની સત્તાવાર સરકાર,નુરી અલ મલીકીની શિયા સેના સાથે ખુંખાર જંગ લડી રહ્યા છે.કટ્ટર સુન્ની પક્ષ અલ-બગદાદી એ અત્યારે મૌસુલ સહિત ઇરાકના સંખ્યાબંધ નગરો પર કબજો જમાવ્યો છે.અને શિયાઓના પવિત્ર મનાતા નગરો, નજફ તથા કરબલાનો નાશ કરી નાંખવાની ધમકી આપી રહ્યા છે.

તાજેતરના વર્ષોમાં પ્રથમ લાદેનના નેતૃત્વ હેઠળનું અલકાયદા ત્રાસવાદી સંગઠન અને ત્યાર પછી તાલિબાનો અને હવે અલ-બગદાદી.ઇસ્લામક વિશ્વ આવા હિંસર અસહિષ્ણુ અને અરાજકતાભર્યા આંદોલનને કેમ જન્મ આપતું રહ્યું છે. આ સબંધમાં એક એવો મત સ્પષ્ટ થતો રહ્યો છે કે ૧૭મી અને ૧૮મી સદીનો નવજાગૃતિન ો કાળ અને તે પછી આવેલી ઔધ્યોગિક ક્રાંતિ પછી પશ્ચિમી વિશ્વની તુલનામાં એક સમયની વિશ્વની મહાસત્તા એવું ઇસ્લામિક વિશ્વ સતત પીછેહઠો અને પરાજયો સહન કરતું રહ્યું.પશ્ચિમી વિશ્વ સામેથી સ્પર્ધામાં પોતે પાછળ પડી રહ્યું છે તેવો અહેસાસ ઇસ્લામિક વિશ્વને થવા લાગતાં તેના પ્રત્યાઘાતરુપે એવો મત આકાર લેવા માંડયો કે ઇસ્લામના મુળ સિધ્ધાંતોથી મુસ્લીમ દેશો તથા સમાજ વિચલિત થતો રહ્યો છે.તે કારણે તે પશ્ચિમ સાથે રાજકીય કે આર્થિક સ્પર્ધા કરી શકતો નથી.

આનું પરિણામ એ આવ્યું કે ઇસ્લામિક સમાજ નવા વિજ્ઞાન તથા ટેકનોલોજીનું મહત્વ સમજવાને બદલે તથા આધુનિકરણના માર્ગ આગળ વધવાને બદલે તે કટ્ટર ઇસ્લામ તરફ ઝુકવા લાગ્યો.આ માનિકતા ઉભી કરવામાં ૧૯મી સદીના દેવબંધી આંદોલન અને સાઉદી અરેબીયાના વહાબી આંદોલનોનો સિંહફાળો રહ્યો.અત્રે એ પણ નોંધવું રહ્યું કે તાલિબાનો તથા અલ કાયદાના ઉગ્રવાદના મુળમાં દેવબંધી તથા વહાબી આંદોલન જ તેનું ચાલકબળ રહ્યું છે.તાલિબાનો તથા અલ કાયદાના પ્રભાવ હેઠળ સુન્ની કટ્ટરવાદ વધુને વધુ દ્રઢ થતો રહ્યો છે. અને પરિણામે શિયાપંથીઓ સાથેનો તેમનો સંઘર્ષ વધુને વધુ લોહીયાળ બનતો ચાલ્યો છે. ગઇ સદીમાં અફઘાનિસ્તાનનો સોવિયત સંઘ કબજો લેતાં પોતાના સ્વાર્થી રાજકારમ ખાતર અમેરિકાએ ઇસ્લામિક વિશ્વની આ કમજોરીનો બરાબર ઉપયોગ કરી સોવિયત સંઘ સામે ઇસ્લામિક જેહાદને આકાર આપ્યો હતો. સોવિયત સામેના યુધ્ધના આ જેહાદીઓ ત્યારે સ્વાતંત્રવીરો હતા.પરંતુ હવે પશ્ચિમી વિશ્વ આ જેહાદીઓનો ઉપયોગ સુન્ની-શિયા વચ્ચે વિશ્વભરમાં આંતરવિગ્રહ કરવા માટે કરી રહ્યું છે.તેવું ઇરાનના શિયા શાસકો સહિત ઘણા તટસ્થ રાજકીય પંડિતો માની રહ્યા છે.તાલીબાનોને જન્મ આપવામાં તથા અફઘાન સમસ્યાના ઉકેલ માટે જેહાદી ઇસ્લામને પેદા કરવામાં અમેરિકાની ભુમિકાનો ઇન્કાર થઇ શકે તેમ નથી.પરંતુ હવે જે ભુતકાળ ભુતાવલ પશ્ચિમી રાષ્ટ્રોએ ઉભી કરી હતી તે હવે તેમને માટે પડકાર થઇ રહી છ.નવા ઇસ્લામીક ખલિફા અલ-બગદાદીએ પોતાની નવી ખિલાફતનો જે નકશો બહાર પાડ્યો છે તેમાં ભારત તથા ચીન સહિત લગભગ અડધા વિશ્વને ઇસ્લામિક છાયામાં લેવાનો ઇરાદો જાહેર કર્યો છેઆ ઇરાદામાં તે સફળ થયા કે ન થાય,પરંતુ હવે પશ્ચિમ એશીયાના જે અમેરિકા તરફી દેશો છે જેવાકે સાઉદી અરેબીયા,ખાડી વિસ્તારના આરબ દેશો તથા ઇઝરાયેલ જેવા દેશો માટે આ નવો આતંક ભારે પડકારરુપ સાબિત થવાનો છે.અલ -બગદાદીએ પોતાના પ્રવચનમાં કાશ્મીરનો પણ ઉલ્લેખ કર્યો હતો. આથી ભારતે પણ આ નવા પડકાર માટે તૈયાર રહેવું પડશે.આ ઉપરાંત અલ બગદાદી વચ્ચે વૈશ્વિક ઇસ્લામિક જેહાદ માટે ઊગ્રસ્પર્ધા થવાની શક્યતાઓ પણ *ઘણા વિશ્લેષકો જોઇ રહ્યા છે.વુ પ્રમાણમાં ત્રાસવાદી ઘટનાઓ,ખાસ કરીને શિયા પંથી,મુસ્લીમ દેશોમાં થવાની સંભાવના છે.*

*મૃતઃપાય થઇ ચુકેલી ઇસ્લામિક ખલિફાની સંસ્થાને પુનઃજીવીત કરવાના અલ-બગદાદીના પ્રયાસ ફરીવાર એ વતની યાદ દેવડાવે છે કે છેલ્લા ૨૦૦ વર્ષોના આકરા અનુભવો પછી પણ ઇસ્લામિક કટ્ટરવાદ હજુ પણ વિશ્વ ા ઇસ્લામિક સમાજ પર પોતાની પકડ જમાવી શકે છે.તાલિબાનો તથા અલ-કાયદાને જન્મ આપી પાકિસ્તાન સહિત દુનિયાના ઘણા મુસ્લીમ દેશો ભારે કિંમત ચુકવી રહ્યા છે. હવે ખલિફાને જન્મ આપી વિશ્વે અને ખાસ કરીને મુસ્લીમ દેશોએ તેની આકરી કિંમત ચુકવવી પડવાની છે.* વિદ્યુત ઠાકર સૌ.સંદેશ

# ખોરાકની પસંદગી અને તેના વપરાશ પર પ્રતિબંધ શા માટે મુકવો જોઇએ

કર્ણાટકની ભાજપ સરકારે " ગાય-બળદ (ઢોર)ની કતલ અટકાવતો અને તેની સંભાળ રાખવા માટેનો કર્ણાટક ઢોરઢાંખર ખરડો-૨૦૧૦" પસાર કર્યો છે. આ પગલાંનો નાગરિકી સમાજ તરફથી ખુબજ વિરોધ થયો છે. કેટલાંક સામાજિક કર્મશીલો ભારપુર્વક કહે છે કે આ કાયદો તેના " હેતુમાં કોમવાદી અને પરિણામમાં ખેડુત વિરોધી છે." આ અંગે લોકોની( ખાસ કરીને દલિતો અને ખેડુતોની)ચિંતા દર્શાવવા માટે શ્રેણીબધ્ધ બેઠકોનું આયોજન થયું. તેમનામાં કેટલાંકે એવું કહ્યું કે આ ખરડાનુ તેના વર્તમાન સ્વરૂપમાં અમલીકરણ નાગરિકોને તેમની ખાવાપીવાની ટેવો નક્કી કરવાની સ્વતંત્રતાથી વંચિત કરશે. જાણીતી ફિલ્મ હસ્તી ગીરીષ કર્નાડ સવાલ કરે છે. " જ્યાં સુધી ખોરાકની પસંદગી બીજાઓને અસર કરતી નથી ત્યાં સુધી તેના વપરાશ પર પ્રતિબંધ શા માટે મુકવો જોઇએ "

ગૌહત્યા અંગેના ખરડાઓ અને ગૌમાંસ ખાવા અંગેની ચર્ચાઓ થતી હોય તેવું આ પહેલીવાર નથી બન્યું. જ્યારે ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સત્તા પર હતી ત્યારે તે એક સમિતિની નિમણુંક કરવાની હદે ગઇ હતી.જે સમિતિએ આ બાબતમાં ઉંડે ઉતરવાનું હતું અને આ સમિતિ એવા નિષ્કર્ષ પર આવી કે ગૌરક્ષાને મુળભુત અધીકાર બનાવવો જોઇએ અને ગૌહત્યા રોકવા માટે સેન્ટ્રલ રેપિડ પ્રોટેક્શન ફોર્સની રચના કરવી જોઇએ અને જે લોકો ગાયોની દાણચોરી કરતા હોય તેમની પોટા હેઠળ ધરપકડ કરવી જોઇએ ! ભાજપની ગાયો અંગેની વળગણ તેમની લઘુમતીઓને નિશાન બનાવવાની વધુ ઉંડી કાર્યસુચિનો એક ભાગ છે. કારણકે તેઓ સમાજનું બ્રાહ્મણવાદીકરણ કરવા માંગે છે. અને તેમ કરવા તેઓ એવા સંજોગો ખડા કરવાં માંગે છે જ્યાં સમાજના મોટાભાગના લોકો માટે ગૌમાંસભક્ષણ એક નિષેધ બની જાય.

કેહવાની જરૂર નથી કે ગૌમાંસ ગરીબો (અને ખાસ કરીને દલિતો અને આદિવાસીઓ) માટે પ્રોટીન મેળવવાનો એક સસ્તામાં સસ્તો સ્રોત(ખોરાક)છે.થોડાક દશકાઓ પહેલાં સુધી એવી ઘણી કોમો હતી કે જે અન્ય ખર્ચાળ પ્રોટીનયુક્ત(પ્રોટીન સમૃધ્ધ) ખોરાકને બદલે ગૌમાંસ ખાવાનું પસંદ કરતા. આ સાથે એવું પણ છે કે મુસ્લીમો અને ખ્રિસ્તી લઘુમતીઓ કે જેમને માટે ગૌમાંસ નિષેધ પણ નથી કે ફરજીયાત નથી.તેમને આ બહાના હેઠળ હલકો ગણવામાં આવે છે.મોટા પાયા પર એવા પ્રચાર આંદોલનો ચાલી રહ્યા છે જેમાં ગૌમાંસભક્ષણ તથા ગૌહત્યાના મુદ્દાને લઇને લઘુમતીઓનું રાક્ષસીકરણ કરવામાં આવે છે. અહીં આપણને ઝાઝેરની એ ઘટના યાદ આવે છે જેમાં પાંચ દલિતોની એવી શંકા કરીને હત્યા કરવામાં આવી હતી કે તેમણે એક ગાયને મારી નાંખી છે.અને વિહિપના આચાર્ય ગિરિરાજ કિશોર આ ઘટનાને એમ કહીને ન્યાયોચિત ઠરાવી હતી કે હિંદુઓ માટે ગાય એટલી પવિત્ર છે કે દલિતોની હત્યાનું મહત્વ નથી. એ જ રીતે ઓરીસ્સામાં ઢોરઢાંખરના વેપારીને એવા ઉભા કરેલા આક્ષેપ હેઠળ મારી નાંખવામાં આવ્યા હતા કે તેમણે વધ માટે(હત્યા માટે) ગાયોને વેચી હતી.

હમણાં હમણાં ગાયના છાણ અને ગૌમુત્રમાંથી બનતી દવાઓને દૈવી ગણી ઘણી બિમારીઓના ઇલાજ તરીકે મોટા પાયે વેચવામા આવે છે.એટલું જ નહી ગૌમુત્રમાંથી બનેલા પીણાઓની પેન્ટટ પણ મેળવવામાં આવી છે.વૈજ્ઞાનિક દવા વાપરનારા બધાને એમની અસરકારતા અંગે શંકા છે. તેઓ માને છે કે આનાથી દર્દીઓને કેવળ સારુ લાગે છે તેથી વિશેષ કંઇ નહી કારણકે આ દિશામાં કોઇ વૈજ્ઞાનિક અભ્યાસ અને પ્રયત્ન થયા નથી. બજારમાં નવી દવા મુકવા માટેની જે કાર્યવાહીઓ નિયત થઇ છે તેનું પાલન કરવામાં આવતું નથી.અને બીલાડીના ટોપની જેમ દવા તરીકે ગાયની બનાવટો દિવસે ને દિવસે કુદકે ને ભુસકે વધતી જાય છે.

રામ મંદિરના મુદ્દાનો જુવાળ ઓછો થઇ ગયા પછીનો લાગણીનો રથ " ગાય " બની ગયો જેને સંભવતઃ એ રીતે આગળ ધરવામાં આવે છે. પોતાને પસંદ પડે તે પશુઓને માન આપવામાં આવે તે બાબતે કોઇને કશો વાંધો ન હોઇ શકે. પરંતુ એ વાતનો ભય તો રહે જ છે કે આ મુદ્દાનો ઉપયોગ કોમોને અલગ કરવામાં થાય છે કે ભવિષ્યમાં ય થાય. આપણા બહુત્વવાદી લોકતાંત્રીક સમાજમાં એક ચોક્કસ ધાર્મિક કોમના એક ભાગની શ્રધ્ધા - ધાર્મિકતા પુરા રાજ્યની નીતિઓને કઇ રીતે આકારી શકે ?

ખરુ પુછો તો મોટા ભાગનો એવો જે પ્રચાર થયો છે કે ગૌમાંસાહાર ભારતમાં મુસ્લીમો લાવ્યા તે હડહડતું જુઠ્ઠાણું છે.હિંદુઓના પવિત્ર ગ્રંથ વેદ અંગે જે ગંભીર

અનુ. પાન નં. ૨ ઉપર


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૫૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.